Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-3, December-2023
www.researchguru.net

# ભારતમાં સતીપ્રથા એક ઐતિહાસિક અભ્યાસ

ડો. વિનોદકુમાર બી. મુંજપરા
(અધ્યાપક સહાયક) ઇતિહાસ વિભાગ નલિની - અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ કોલેજ
વલ્લભ વિદ્યાનગર

**(૧) પૂર્વભૂમિકા :**

ભારતીય સંસ્કૃતિ તેની ભવ્યતા અને દિવ્યતા માટે વિશ્વવિખ્યાત છે. ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતામાં ડોકિયું કરવામાં આવે તો આપણને જાણવા મળે છે કે ભારતીય સમાજ વ્યવસ્થામાં સ્ત્રી અને પુરુષનું સમાન સ્થાન હતું. પુરુષ અને સ્ત્રી એકબીજાના અભિન્ન અંગ સમાન હતા. સમય બદલાતા લોકોના વિચારોમાં પરિવર્તન આવતું હોય છે તે પ્રમાણે સમયના બદલાવની અસર પ્રાચીન સભ્યતા પર થયેલી જોઈ શકાય છે. વૈદિક યુગમાં સ્ત્રીઓનું સ્થાન બરાબર હતું પરંતુ સ્ત્રીઓનું વૈદિકયુગ પછી સ્થાન પરિવર્તન થયું. સમાજમાં સ્ત્રીઓ પતિના અવસાન બાદ પુનઃવિવાહ કરી શકતી ન હતી. તેના સ્થાને પતિના અવસાન બાદ સ્ત્રીઓ સ્વૈચ્છિક અગ્નિદાહ સ્વીકારતી. આવી સ્ત્રીઓનું સમાજમાં ખૂબ જ સારું સ્થાન ગણાતું હતું. પરંતુ બદલાતા સમય સાથે સ્વૈચ્છિક નિર્ણયના સ્થાને ફરજિયાત કરવામાં આવતા સ્ત્રીઓ માટે આ એક અન્યાયી કુપ્રથાના રૂપમાં જોવામાં આવે છે.

**(૨) સતીપ્રથાનો પ્રાચીન ઉલ્લેખ :**

ભારત દેશમાં સતીપ્રથા પ્રાચીનકાળથી ચાલી આવતી જોવા મળે છે. આ પ્રકારની પ્રથા શરૂઆતમાં પતિના અવસાન સાથે પત્ની સ્વેચ્છાએ અગ્નિદાહ કરતી હતી. એક માન્યતા પ્રમાણે સતીપ્રથા એ દેવી સતીના નામને મળતી આવે છે. જેને દક્ષાયનીના નામથી પણ ઓળખવામાં આવે છે. હિન્દુ ધાર્મિક ગ્રંથો પ્રમાણે દેવી સતીએ તેમના પિતા દક્ષ દ્વારા તેમના પતિ મહાદેવ શિવના તિરસ્કારથી વ્યથિત થઈને અગ્નિમાં કૂદીને આત્મદાહ કરી લીધો હતો.

ઋગ્વેદમાં ૧૦.૧૮.૮ માં જે નિર્દેશ છે કે સ્મશાનમાં જઇ ચિતા પર પતિની બાજુમાં સુનારી સ્ત્રીને દેવર ઉઠાડે છે અને પોતે તેની જવાબદારી લે છે તેને ખાસ કરીને પાશ્ચાત્યો સતીના રિવાજનો સંભવિત સંદર્ભ ગણે છે, પરંતુ આ એક જ અને તે પણ શંકાસ્પદ સંદર્ભના આધારે ઋગ્વેદના સમાજમાં સતીપ્રથા હતી તેવું કહી ન શકાય. મહાભારતમાં એક સ્પષ્ટ ઉલ્લેખ માદ્રીના સતી થયાનો મળે છે.

સ્મૃતિકારો પૈકી મનુ, યાજ્ઞવલ્કય, નારદ વગેરે આ સતીપ્રથાના રિવાજનો ઉલ્લેખ કરતા નથી. આથી એ સ્પષ્ટ થાય છે કે લગભગ ત્રીજી-ચોથી સદી

સુધી સમાજમાં અપવાદરૂપે ક્યાંક-ક્યાંક સતી થવાના પ્રસંગો સિવાય આ રિવાજ ખાસ પ્રચલિત ન હતો. સંભવ છે કે ચોથી-પાંચમી સદી આસપાસ શાસ્ત્ર કરતા સમાજ પર રૂઢિનો પ્રભાવ વધ્યો હતો અને તેની સાથોસાથ વિધવા વિવાહના પ્રસંગો ઘટ્યા હશે તેથી સતી થવાનો રિવાજ પ્રચલિત થતો ગયો હતો.

**(3) સતીપ્રથાના કારણો** :

પ્રારંભિક સતીપ્રથાનું કારણ કોઈ પણ રહ્યું હોય પરંતુ આ કાર્ય અમાનુષી અને અત્યાચારી હતું. કેટલીક સ્ત્રીઓ સ્વેચ્છાએ સળગતી હતી પરંતુ કેટલીક એવી સ્ત્રીઓ હતી કે સામાજિક, અસમાનતાઓ સંબંધીઓનો ભય અને ઈર્ષાનો ભોગ બનતી.

ઈ.સ. ૯ મી સદીમાં સતીપ્રથા ખૂબ જ પ્રચલિત થઈ ગઈ હતી. સતીપ્રથા પ્રચલિત થવાના ઘણા બધા કારણો હતા જેમકે...

- વૈરાગ્ય અને કઠોળ સંયમ સંબંધિત વિચારધારાનો સમાજ પર પ્રભાવ ખાસ કરીને બ્રાહ્મણ વર્ગ પર વધતો પ્રમાણ.
- પુનઃવિવાહનો અભાવ.
- વિધવાઓના સંપત્તિગત અધિકાર પર ઘણાબધા પ્રતિબંધોએ સ્ત્રીઓને પતિ સાથે કષ્ટોથી મુક્તિ દેખાય.
- કેટલાક વિસ્તારોમાં તો લોકોને મૃત પતિની મિલકત પર કબજો કરવા માટે પત્નીઓને બળજબરીપૂર્વક સતી થવા મજબૂર કરવામાં આવતી.
- પ્રાચીન સમયમાં સતીપ્રથાનું એક કારણ એ પણ રહ્યું હતું આક્રમણકારીઓ દ્વારા જ્યારે પુરુષોની હત્યા કરી દેવામાં આવતી ત્યારબાદ તેની પત્નીઓની અસ્મિતા અને આત્મસન્માનને બચાવવા સતી થતી.
- સતી થનાર સ્ત્રીને પવિત્ર ગણવામાં આવતી હતી. જો વિધવા સ્ત્રી સતી ન થાય તો તેના પ્રત્યે સમાજ હલકી દૃષ્ટિએ જોતો ગણી સ્ત્રીઓ સતી થવાનો ઇન્કાર કરતી ત્યારે તેમને બળપૂર્વક સતી કરવામાં આવતી. જે સ્ત્રી સતી ન થતી અને વૈધવ્ય સ્વીકારતી તેને કષ્ટમય જીવન જીવવું પડતું હતું.
- કેટલાક વિદેશી મુસાફરોએ દર્શાવેલ કારણો

- વિધિંગ્ટન ના મત પ્રમાણે દશ વર્ષની વિધવાનો સતી થવાનો સતત હઠાગ્રહ.
- ટેરીના મત મુજબ ‘વૈધવ્ય યાતનામય જીવન વેઢારવાની અનિચ્છા.’
- મેન્ડેલ્સ્લો મત પ્રમાણે ‘સ્વેચ્છા’
- બર્નિયરના મતે ‘પોતાની મિલકત પરત્વેના પ્રેમ અને વફાદારી વગેરે.
- થેવનો અને કારેરીના મત મુજબ ‘બળજબરી અને સતી પ્રથામાં બ્રાહ્મણોનો નિહિત સ્વાર્થ.

અંગિરા, હારીત વગેરે પૂર્વ મધ્યકાલીન સ્મૃતિઓ તથા અપરાકૈ વિજ્ઞાનેસ્વર વગેરે નિબંધકારોએ સતીપ્રથાની પ્રશંશા કરી છે.

**(૪) સતીપ્રથા** :

સતીપ્રથામાં જીવિત વિધવા પત્નીને મૃત પતિની ચિતા પર જીવિત જ સળગાવી દેવામાં આવતી હતી.

પતિનું મૃત્યુ સ્ત્રી માટે કરુણ સ્થિતિ બનતા મૃત પતિના સબ સાથે તેની ચિતામાં જીવતા જ બળી મળવું એટલે સતીપ્રથા ઉપલા ત્રણેય વર્ગોમાં આ પ્રથા વિકસિ હતી. ક્ષત્રિયો અને રાજપૂતોમાં તો તે સામાન્ય પ્રથા બની હતી. થોમસ નોંધે છે કે મુસ્લિમ આક્રમણોએ આ પ્રથાના ફેલાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. મુસ્લિમ આક્રમણના સમયમાં હજારો સ્ત્રીઓ જૌહર કરતી. શુદ્રોમાં આ પ્રથા ન હતી પરંતુ સંપત્તિવાન શુદ્રોએ ઉચ્ચ જ્ઞાતિઓનું અનુકરણ કરીને આ પ્રથા અમુક અંશે અપનાવી હતી.

**(૫) સતીપ્રથાનો પ્રથમ ઐતિહાસિક પુરાવો. (ગુપ્તયુગ)**

ભારતીય ઇતિહાસમાં સતીપ્રથાનો પ્રથમ પુરાવો. અભિલેખિત સાક્ષ્ય ઈ.સ. ૫૧૦ ના એરણ અભિલેખમાં જોવા મળે છે. જેમાં મહારાજ ભાનુપ્રતાપના રાજઘરાનામાં ગોપરાજના યુદ્ધમાં અવસાન બાદ તેની પત્ની સોકાકુલ અવસ્થામાં તેના પતિના સબની સાથે બળીને ભસ્મ થઈ ગઈ હતી. ગુપ્તયુગમાં યત્ર-તત્ર રાજવંશોમાં સતીપ્રથા પ્રચલિત હતી પરંતુ તેનો વ્યાપક પ્રચાર અને ધાર્મિક મહત્વ ન હતું. હ્યુ-એન-ત્સાંગે તેના ભારત ભ્રમણ દરમિયાન નોંધ્યું છે કે 'સતીપ્રથા પ્રચલિત હતી સ્વયં હર્ષવર્ધનની માતા તેના પતિની ચિતામાં બળીને સતી થઈ હતી.' અલબેરુંની એ કરેલ ભારતના વર્ણનમાં સતીપ્રથાનો ઉલ્લેખ મળે છે.

**(૬) સલ્તનત સમયમાં સતીપ્રથા :**

કેટલાક વર્ગોમાં સતીપ્રથા પ્રચલિત હતી. વિધવા વિવાહનો તો પહેલેથી જ પ્રતિબંધ હતો. પતિના મરણબાદ વિધવાનું રક્ષણ કરનાર કોઈ ન હોવાથી સતીપ્રથાનું પ્રમાણ વધ્યું હતું. બ્રાહ્મણો અને રાજપૂતોમાં સતીપ્રથાનો પ્રચાર વધુ હતો. સતી ન થનારી સ્ત્રીને ચારિત્ર્ય ભ્રષ્ટનું બિરુદ લગાવી દેવાનું તેથી કેટલીક સ્ત્રીઓને ના છૂટકે સતી થવું પડતું હતું. નિકોલો કોન્ટી ના જણાવ્યા મુજબ એ કાળની હિન્દુ સ્ત્રીઓ પોતાના સંતાનો ખાતર સતી થતી કારણ કે જો તે જીવિત રહે તો તેનું દહેજ સંતાનોના બદલે અન્ય કુટુંબીઓના હાથમાં જતું રહેતું હતું.

કબીર જેવા સમાજ સુધારક સંતે પણ સતીત્વની ભાવનાને સાધનાગત આદર્શ તરીકે ગણી હતી.

ફિરંગી ગવર્નર અલ્બુર્કે ગોવામાં સતીપ્રથા નામના રિવાજને સમાપ્ત કર્યો હતો.

**(૭) મુઘલકાળમાં સતીપ્રથા :**

બાબર, અકબર, જહાંગીર, ઔરંગઝેબ વગેરેએ સતીપ્રથા પર નિયંત્રણ મુકતા હુકમો કર્યા હતા. પરંતુ આ પ્રથા બંધ થઈ ન હતી. આમ મધ્યકાલીન ભારતમાં વિધવા સ્ત્રીઓનો જીવવાનો અધિકાર છીનવાઈ ગયો હતો. મુઘલ સમય દરમિયાન સતીપ્રથા પર આવેલ આંશિક નિયંત્રણની અસર થઈ હતી.

**(૮) મરાઠાઓના સમયમાં સતીપ્રથા:**

મરાઠાઓના સમયમાં સતી થવાનો રિવાજ પ્રચલિત હતો. શિવાજી પાછળ તેની પત્ની પૂતળીબાઈ, રાજારામની પાછળ તેમની પત્ની અંબિકાબાઈ તથા શાહુની પાછળ તેની પત્ની સકવરબાઈ સતી થઈ હતી. પેશવાઓએ પણ સતીપ્રથાના રિવાજ પર પ્રતિબંધ મૂક્યો હતો.

**(૯) ગુજરાતમાં સતીપ્રથા**

સતીપ્રથા ગુજરાતમાં પણ પ્રચલિત હતી. ચૌલુક્ય સમયમાં સતીપ્રથા વ્યાપક પ્રમાણમાં ન હતી પરંતુ મુસ્લિમકાળમાં સતીનું પ્રમાણ વધ્યું હતું મુગલકાળમાં પણ સતીપ્રથા પ્રચલિત હતી જેના પુરાવાઓ ઉપલબ્ધ પાળિયાઓ અને વિદેશીઓના લખાણો પરથી જાણવા મળે છે.

અમદાવાદમાં દૂધેશ્વરની ટાંકી પાસેની મળેલા એક પાળીયાના લેખમાં શેઠ ઋષભદાસના પુત્ર રૂપચંદની પાછળ તેની ત્રણ સ્ત્રીઓ સતી થઈ હોવાનું જાણવા મળે છે.

ઇ.સ.૧૬૩૮ માં ખંભાત માં આવેલ મેન્ડેલ્સ્લો નામના મુસાફરે તે સમયે એક સ્ત્રી સતી થયેલી તેનો વર્ણન કરતાં જણાવે છે કે પોતે સતીને જોવા ગયેલો અને સતીએ અલંકાર કાઢી વહેંચતી વખતે એક અલંકાર એના ઉપર નાખેલો તે એ જર્મન મુસાફરે સાચવી રાખેલો.

લગભગ બધા જ મુસાફરો ધ્યાનકર્ષણ કરેલ સતીપ્રથાના સંખ્યાબંધ નિર્દેશો આપ્યા છે. આ મુસાફરોમાં વિથિંગ્ટને સુરતમાં, મેન્ડેલ્સ્લોએ ખંભાતમાં, બાર્નિયરે અમદાવાદ આગ્રાના માર્ગ પર સામૂહિક સતીનો અને બીજો સુરતમાં અને ૧૮ મી સદીમાં ફોબ્સે વડોદરાના દિવાન હીરાનંદની પત્નીના આત્મસમર્પણના પ્રસંગો નજરે જોયા હતા. દક્ષિણ ગુજરાતમાં સુરતમાં શિવબાઈ નામની નાગર સ્ત્રી ૨૪ ઓક્ટોબર ૧૭૪૧, વલસાડમાં મીઠીબાઈ નામની અનાવિલ સ્ત્રી, ૪ ઓક્ટોબર ૧૮૦૬ અને ગણદેવીમાં ઈચ્છાબાઈ નામની અનાવિલ સ્ત્રી પાણીપતના છેલ્લા યુદ્ધમાં મૃત્યુ પામેલા તેના પતિની પાછળ સતી થયાના બનાવો નોંધાયેલા છે.

**(૧૦) ૧૯ મી સદીમાં ભારતમાં સતીપ્રથા**

૧૯ મી સદીના શરૂઆતના વર્ષોમાં સતીની તથા મોટેભાગે બંગાળ પૂરતી મર્યાદિત હતી. કલકત્તા ડિવિઝનમાં આવેલ હુગલી, નાદિયા અને બર્દવાનમાં સૌથી વધુ પ્રમાણમાં સ્ત્રીઓ સતી થઈ હતી. ગાજીપુર (હાલ ઉત્તર પ્રદેશ) અને સાહાબાદ (હાલ બિહાર) આ પ્રથા કઈ અસામાન્ય ન હતી અને ૧૯ મી સદીના બીજા દાયકાથી તેનું પ્રમાણ વધતું ગયું હતું. પશ્ચિમ ભારતમાં દક્ષિણ કોંકણ કે જ્યાં દર વર્ષે સતીનું પ્રમાણ ઈ.સ. ૧૮૨૭ સુધી ૨૭ અને ૪૦ વચ્ચે હતું તેને બાદ કરતાં આ પ્રથાનો ઉપયોગ ભાગ્ય જ થતો. દક્ષિણ ભારતમાં માત્ર ગંજામ અને મછલીપટ્ટમ અને થંજાવુરમાં સતીના બનાવો સારી એવી મોટી સંખ્યામાં બન્યા હતા. રજપુતાના,

પંજાબ અને કાશ્મીરમાં આ પ્રથા ઉચ્ચ જ્ઞાતિઓની સ્ત્રીઓ પૂરતી મર્યાદિત હતી.

**(૧૧) ભારતમાંથી સતીપ્રથાની નાબૂદી :**

ભારતમાંથી સતીપ્રથાની નાબૂદી કરવામાં રાજારામ મોહનરાયનો ખૂબ જ મહત્વનો ફાળો રહેલો છે. તેમણે સમાજમાં રહેલા કુરિવાજો સામે જેહાદ જણાવી જેમાં સતીપ્રથાની નાબુદી માટે અનેક પગલાં લીધા. ઈ.સ ૧૮૧૧ માં જ્યારે તેમના ભાભીને પરાણે સતી કરવામાં આવ્યા ત્યારથી જ તેમને સતીપ્રથા નાબૂદ કરવાનો પ્રયાસો શરૂ કરી દીધા હતા.

ઇ.સ ૧૮૧૮ – ૧૮૨૦ માં રાજા રામમોહનરાય નાના નિબંધો પ્રસિદ્ધ કરીને તેમાં એવું દર્શાવ્યું હતું કે સતીપ્રથાની પ્રથા શાસ્ત્ર વિહિત નથી. આ સામગ્રીનો સીરામપોર મિશનરીઓએ ઉપયોગ કરીને સામાન્ય રીતે સતીપ્રથાએ હિન્દુ ધર્મનો અંતર્ગત ભાગ હતો તે માન્યતાને તેમણે તોડી પાડી. રાધાકાન્ત દેવ અને ભવાની ચરણ બેનર્જીએ સતીપ્રથાની નાબૂદી વિરુદ્ધ જુના હિન્દુ મતનો પ્રચાર કર્યો હતો.

ઇ.સ. ૧૮૨૫ માં માત્ર કલકત્તામાં જ ત્રણ હજાર સ્ત્રીઓ સતી થઈ હતી. આવા અમાનુષી કાયદાનો અંત લાવવા માટે ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકને અરજી કરવામાં આવી હતી.

જ્યારે લોર્ડ વિલિયમ બેન્ટિકે સતીનો પ્રશ્ન ઉપાડ્યો ત્યારે તેણે જોયું કે ફોજદારી અદાલતોના ન્યાયાધીશોએ તેની નાબૂદી માટે ભલામણ કરી હતી. ૪૯ અધિકારીઓના આ સંદર્ભે અભિપ્રાયો લેવાયા બાદ ૪ ડિસેમ્બર ૧૮૨૯ ના રોજ તેણે રેગ્યુલેશન ૧૮ મો પગાર કરીને સતી કે હિન્દુઓની વિધવાઓને જીવતી બાળવાની કે દાટવાની પ્રથા ગેરકાયદેસર અને ફોજદારી અદાલતો દ્વારા શિક્ષાને પાત્ર ગણાશે. આવા ધારાકીય પગલાઓ ત્યારબાદ તરત જ મુંબઈ અને મદ્રાસમાં પણ ઘડવામાં આવ્યા હતા.

સતીપ્રથાનો નાબૂદીના વિરોધીઓએ તેમનો વિરોધ કરી તેમણે કાઉન્સિલરમાં કેસ કર્યો પરંતુ તેમની અપીલ ઇ.સ. ૧૮૩૨ માં કાઢી નાખવામાં આવી. આમ છતાં સતીપ્રથા સંપૂર્ણ નાબુદ થતાં બીજા 30 જેટલા વર્ષોનો સમય લાગ્યો હતો.

**(૧૨) મૂલ્યાંકન :**

પ્રાચીન ભારતીય ઇતિહાસમાં સતીપ્રથાને શરૂ થયા હોવાના પુરાવાઓ મળતા નથી પરંતુ છુટા છવાયા સતીપ્રથાના સ્વૈચ્છિક ઉલ્લેખ મહાભારત કાળનું જોઈ શકાય છે. ઐતિહાસિક દ્રષ્ટિએ સતીપ્રથાનો પ્રથમ પુરાવો ગુપ્તયુગ દરમિયાન જોવા મળે છે. ગુપ્તયુગ દરમિયાન સતીપ્રથાના સાક્ષ્ય વિદેશી પ્રવાસીઓએ પણ નોંધ્યો હતો. ભારતમાં વિદેશી આક્રમણ બાદ સતીપ્રથાનો ફેલાવો જોઈ શકાય છે. ખાસ કરીને ક્ષત્રિય વર્ગમાં પ્રમાણ અન્ય વર્ગોની સરખામણીમાં વધુ હતું. સલ્તનત, મુગલકાળ, મરાઠાકાળમાં

સતીપ્રથાનું અસ્તિત્વ હતું. તત્કાલીન શાસકોએ અટકાવવા કાયદાઓ પણ બનાવ્યા હતા છતાં પણ સતીપ્રથા અટકી ન હતી તે વાસ્તવિકતા છે. રાજારામ મોહનરાયના પ્રયાસો અને તત્કાલીન ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકના સમર્થન થકી અમલમાં આવેલ કાયદાએ સતીપ્રથાને અટકાવી ધીમે ધીમે બંધ કરાવી. આજથી લગભગ બે સદી પહેલા ઘડાયેલા સતીપ્રથાના કાયદાએ ભારતમાંથી સદીઓ જૂની ચાલી આવતી સતીપ્રથા નાબૂદ કરીને ઘણી બધી સ્ત્રીઓને નવજીવન પ્રદાન કર્યું હતું.

**સંદર્ભ ગ્રંથો :**


- આચાર્ય નવીનચંદ્ર, મધ્યકાલીન ગુજરાતનો ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૩.
- દેસાઈ ગુણવંતભાઈ, પશ્ચિમ ભારતમાં અંગ્રેજો રાજકીય અને સામાજિક પરિપેક્ષ્યમાં, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- પટેલ જશુભાઈ, ભારતનો ઇતિહાસ, (મુઘલયુગ ૧૫૨૬-૧૭૦૭) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૮.
- ઓઝા ઈશ્વરભાઈ, મધ્યયુગીન ભારતનો ઇતિહાસ સલ્તનતકાળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૧.
- શાહ મનુભાઈ, ભારતનો ઇતિહાસ મરાઠાયુગ ૧૭૦૭ થી ૧૮૧૮, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૬.
- ચોપરા પી એન, (સંપાદક) ભારતનું ગેઝેટિયર (ઇતિહાસ અને સંસ્કૃતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૪.
- શુકલ ગજેન્દ્ર બી, ભારતીય રાજકીય ચિંતન, પોપ્યુલર પ્રકાશન, સુરત, ૨૦૧૧-૧૨.
- શાહ એ. જી, ભારતની સામાજિક સંસ્થાઓ, અનડા બુક ડેપો, અમદાવાદ, ૧૯૯૪-૯૫.
- શર્મા એલ. પી, આધુનિક ભારત ૧૭૦૭-૧૯૬૭ લક્ષ્મીનારાયણ અગ્રવાલ, આગરા ૨૦૧૦.
- ઝા દ્વિજેન્દ્ર નારાયણ અને શ્રીમાળી કૃષ્ણ મોહના, (સંપાદક) પ્રાચીન ભારતકા ઇતિહાસ, દિલ્હી વિશ્વવિદ્યાલય દિલ્હી, ૨૦૦૯.
- પાંડે વિમલચંદ્ર, પ્રાચીન ભારતનો ઇતિહાસ, રામનગર દિલ્હી, ૨૦૦૩.
- ધારૈયા, કાજી, ભટ્ટ અને જાની (લેખક) અર્વાચીન ભારતનો ઇતિહાસ બ્રિટિશયુગ, ૧૮૧૮ – ૧૯૬૦ સી જમનાદાસની કંપની, અમદાવાદ, ૧૯૯૧.
- hi.m.wikipedia.org.
- N.bharatdiscovery.org.